*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

## TOPIC 52

# ચોમાસુ પૂર્વેનો પાક



ચર્ચામાં શા માટે ?

ચોમાસા પૂર્વેના પાકના મહત્ત્વ વિશે

ભારતમાં પાકની રીત :-

સંપાદક

મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-52નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં COVID-19 રોગચાળાના કારણે સમગ્ર ભારતમાં લોકડાઉન લાદવામાં આવ્યું છે. જેના કારણે કર્ણાટક સહિત અનેક રાજ્યમાં ચોમાસુ પૂર્વેના પાકને અસર થવાની સંભાવના છે.

## ચોમાસા પૂર્વેના પાકના મહત્ત્વ વિશે

- ઉનાળા પૂર્વેનો પાક લણાયા પછી છોડની દાંડી ખેતરમાં રહેવા દેવામાં આવે છે. જ્યારે ચોમાસા દરમિયાન ખેડૂતો ખેતર તૈયાર કરે છે ત્યારે આ છોડની દાંડી લીલા ખાતરમાં ફેરવાય છે. જે ચોમાસાના પાક માટે ફાયદાકારક છે.
- ચોમાસા પૂર્વેનો પાક કર્ણાટક રાજ્યનાં કુલ કૃષિ ઉત્પાદનમાં 10% કરતા પણ ઓછું યોગદાન આપે છે, તેમ છતાં તેનું એક મોટું મહત્ત્વ છે.
- ચોમાસા પૂર્વેનો પાક શરૂઆતના વરસાદ પર આધારિત છે. પરંતુ જે ખેડૂતોની પાસે પોતાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ છે તે વરસાદની રાહ જોતા નથી.
- કૃષિ ઉત્પાદનમાં યોગ્ય સમય પર વાવણી, ખેડ, કાપણી, લણણી અને કૃષિની અન્ય પ્રવૃત્તિનું ખૂબ મહત્ત્વ હોય છે. જો વાવણીમાં વિલંબ થાય તો ઊપજ અને સમગ્ર ઉત્પાદકતામાં નુકસાન થાય છે.
- સામાન્ય રીતે ચોમાસા પૂર્વે પાકની વાવણી એપ્રિલ માસના પ્રથમ અઠવાડિયાથી શરૂ થઈ જાય છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર કેટલીક જગ્યાએ વાવણી પૂર્ણ થઈ ગઈ છે. પરંતુ ઘણી જગ્યાએ વાવણી શરૂ થઈ નથી.
- લોકડાઉનના કારણે લોકો ઘરની અંદર જ રહે છે. જેનાથી મજૂરી, બિયારણ અને ખાતરોની સપ્લાય ઘટી છે. પરંતુ જિલ્લા વહીવટી તંત્રોએ જણાવ્યું કે તે બિયારણ અને ખાતરનો પુરવઠો સુનિશ્ચિત કરવા ડિલરો સાથે સતત કામ કરી રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ઉત્તર કર્ણાટકના પિયત વિસ્તારોમાં ડાંગર પટ્ટાના ખેડૂત પાક લણણીની રાહમાં છે. પરંતુ હાલમાં ખેડૂતોને મજૂરોની અછતનો સામનો કરવો પડી રહ્યો છે.
- કર્ણાટક રાજ્યમાં મુખ્યત્વે રાગી અને મકાઈનાં પાકનું ઉત્પાદન થાય છે. રાગીના ઉત્પાદનમાં કર્ણાટક દેશમાં પ્રથમ ક્રમે છે.
- કર્ણાટક રાજ્યના અમુક જિલ્લામાં ચોમાસા પૂર્વે લીલા ચણા, કાળા ચણા, અને તલની ખેતી કરવામાં આવે છે.

## ભારતમાં પાકની રીત :-

- ભારતમાં રવી, ખરીફ અને જાયદ એમ ત્રણ પાકની ઋતુઓ છે. જેમાં...
  - ખરીફ પાકનું ચોમાસાના આગામન સાથે જૂન-જુલાઈમાં દેશના જુદા જુદા વિસ્તારોમાં વાવેતર કરવામાં આવે છે. આ સીઝનમાં વાવેલા મુખ્ય પાકમાં તુવેર, ડાંગર, મગ, શણ, બાજરી, અડદ, જુવાર, શેરડી, કપાસ, સોયાબીન, મગફળી, તલ, ભીંડા, મકાઈ અને એરંડાનો સમાવેશ થાય છે.
  - રવી પાકનું શિયાળાની ઋતુમાં ઓક્ટોબરથી નવેમ્બરની વચ્ચે વાવેતર કરવામાં આવે છે. આ સીઝનમાં વાવેલા મુખ્ય પાકમાં તમાકુ, ઘઉં, સરસવ, ચણા, વટાણા, જવ, મસૂર અને બટાટાનો સમાવેશ થાય છે.
  - રવી અને ખરીફ પાકની ઋતુ વચ્ચે ઉનાળાની ઋતુમાં વાવેલા પાકને જાયદ પાક કહેવામાં આવે છે. આ સીઝનમાં વાવેલા મુખ્ય પાકમાં તરબૂચ, મરચા, ટામેટા, દૂધી અને સૂર્યમુખીનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT